

# ઈન્દિરા એકાદશી પિતૃઓને મોક્ષ અપાવનારી એકાદશી

**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

હિંદુ ધર્મમાં એકાદશીનું વ્રત મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. પ્રત્યેક વર્ષ દરમિયાન ચોવીસ એકાદશીઓ હોય છે, જ્યારે અધિક માસ આવે છે ત્યારે તેની સંખ્યા વધીને છવ્વીસ થાય છે. આ પૈકી ભાદરવા માસના વદ (કૃષ્ણ પક્ષ) સમયે આવતી એકાદશી ઈન્દિરા એકાદશી તરીકે ઓળખાય છે. આ એકાદશી ખૂબ જ પવિત્ર અને પાપહર્તા એકાદશી છે. એના વ્રતના પ્રભાવથી મોટાં મોટાં પાપોનો નાશ થઈ જાય છે. નીચ યોનિમાં પડેલા પિતૃઓને પણ આ એકાદશીનું વ્રત સદગતિ આપનારું છે.

ઈન્દિરા એકાદશી વ્રતનું મહત્ત્વ

શ્રાદ્ધ પક્ષમાં આવતી આ અગિયારસ ખાસ એટલા માટે છે કે તે કરવાથી પિતૃઓનો ઉદ્ધાર થાય છે. આપણા પૂર્વજો કે જેમનાથી જાણતાં કે અજાણતાં કોઈ પાપ થયું હોય અને તેના કારણે તેઓ દંડ ભોગવતાં હોય તો આ અગિયારસ કરવાથી તેમનો ભોગવટો પૂરો થાય છે. તેથી તેમને શાંતિ મળે છે. તેથી પરિવારને આશીર્વાદ મળે છે. સાથોસાથ વંશની વૃદ્ધિ થાય છે. આ એકાદશીનું વ્રત જો વિધિવિધાનપૂર્વક કરવામાં આવે તો પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ અગિયારસે દાન આપવાનો વિશેષ મહિમા છે. મૃત્યુ પછી વ્યક્તિ વૈકુંઠમાં વાસ કરે છે.

ઈન્દિરા એકાદશી વ્રત કથા

ભગવાન શ્રીકૃષ્ણે ધર્મરાજ યુધિષ્ઠિરને ઈન્દિરા એકાદશી વ્રતનું મહત્ત્વ સમજાવ્યું હતું. જેમાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કે સમસ્ત પાપકર્મોનો નાશ કરનારી એકાદશીઓમાં ઈન્દિરા એકાદશી ખાસ છે. આ વ્રત કરવાથી પિતૃઓની મુક્તિ થઈ જાય છે. હે રાજન... ઈન્દિરા એકાદશીની કથા જે હું તમને સંભળાવું છું તે ધ્યાનથી સાંભળો. તેને સાંભળવા માત્રથી જ વાજપેય યજ્ઞ સમાન ફળની પ્રાપ્તિ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે સતયુગમાં મહિષ્મતી નામની નગરી હતી. ત્યાં મહાપ્રતાપી રાજા ઈન્દ્રસેન રાજ કરતા હતા. રાજા પોતે ધર્માત્મા અને પ્રજાવત્સલ હતા. તેમના શાસનમાં પ્રજા પણ સુખચેનથી રહેતી હતી. ધર્મ અને કર્મનાં તમામ કાર્યો નગરમાં ખૂબ સારી રીતે થતાં હતાં. એક દિવસે એવું થયું કે નારદજી ઈન્દ્રસેનના દરબારમાં પહોંચ્યા. ઈન્દ્રસેને તેમને પ્રણામ કર્યા અને આવવાનું કારણ પૂછ્યું. ત્યારે નારદજીએ કહ્યું કે હું તમારા પિતાનો સંદેશો લઈને આવ્યો છું. તેઓ આ સમયે પૂર્વજન્મમાં એકાદશી વ્રતનો ભંગ કરવાને કારણે યમરાજ દ્વારા દંડ ભોગવી રહ્યા છે. નારદજીની વાત સાંભળી ઈન્દ્રસેન વ્યથિત થઈ ગયા. દેવર્ષિને તેનું સમાધાન પૂછવા લાગ્યા. ઈન્દ્રસેને કહ્યું કે મહારાજ, કોઈ ઉપાય બતાવો કે જેથી કરીને મારા પિતાની પીડાનો અંત આવે. તેમની સદગતિ થાય. ત્યારે દેવર્ષિએ કહ્યું કે હે રાજન, તમે શ્રાદ્ધ પક્ષમાં આવતી ઈન્દિરા એકાદશીનું વ્રત કરો. આ દિવસે નારાયણનું વિધિવત્ પૂજન કરીને આખો દિવસ ઉપવાસ કરો અને ભગવાન વિષ્ણુનું ભજન, મંત્રજાપ કે કથાશ્રવણ કરો. એના પુણ્યથી તમારા પિતાને મુક્તિ મળી જશે. એ દિવસે યથાશક્તિ દાન પણ કરો. આમ કહીને નારદજી અંતર્ધ્યાન થઈ ગયા. તે પછી મહારાજા ઈન્દ્રસેને નારદજીના કહેવા પ્રમાણે વિધિ અનુસાર એકાદશીનું વ્રત કર્યું. એનાથી તેમના પિતાને શાંતિ મળી અને તેઓ પરમ પદને પામ્યા. જ્યારે રાજા સ્વયં પણ અનંત સુખો ભોગવીને અંતે મોક્ષને પ્રાપ્ત થયા.

આ રીતે કરો એકાદશી વ્રત

આ દિવસે વહેલી સવારે ઊઠીને શ્રદ્ધાપૂર્વક સ્નાનાદિ કર્મ પતાવીને વ્રત કરવું. આ દિવસે પ્રથમ વિષ્ણુ-નારાયણનું પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિભાવથી પૂજન કરવું. તે પછી પિતૃઓનું પૂજન અને તર્પણ કરવું. આ દિવસે ફળાહાર કરવો. અન્ન લેવું નહીં. દિવસભર પ્રભુ સ્મરણ કરવું. પ્રભુ પાસે પિતૃઓના કલ્યાણ માટે પ્રાર્થના કરવી. તે પછી શક્ય હોય તો બ્રાહ્મણ ભોજન કરાવવું. યથાશક્તિ દક્ષિણા કે વસ્ત્ર આપી સન્માનિત કરવા. જો આમ ન થઈ શકે તો કોઈને સીધું આપવું. શક્ય હોય તો દિવસ દરમિયાન મૌન રહી જાપ કરવા અને રાતે 12 વાગ્યા સુધી જાગરણ કરવું. જે આ રીતે ઈન્દિરા એકાદશીનું વ્રત કરે છે તે સંસારનાં સર્વ સુખોને ભોગવી મોક્ષની પ્રાપ્તિ કરે છે. વૈકુંઠમાં વાસ થાય છે. જ્યારે પિતૃઓની શાંતિ અને સદગતિ થવાથી પારિવારિક સંબંધોમાં પણ વિશેષ સુખ-શાંતિની પ્રાપ્તિ થાય છે.

> શ્રાદ્ધ પક્ષમાં આવતી આ અગિયારસ ખાસ એટલા માટે છે કે તે કરવાથી પિતૃઓનો ઉદ્ધાર થાય છે, આપણા પૂર્વજો કે જેમનાથી જાણતાં કે અજાણતાં કોઇ પાપ થયું હોય અને તેના કારણે તેઓ દંડ ભોગવતાં હોય તો આ અગિયારસ કરવાથી તેમનો ભોગવટો પૂરો થાય છે. તેથી તેમને શાંતિ મળે છે



# કાનુડાને બાંધ્યો!

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

પશ્ચિમ બંગાળમાં હુગલી નદીના કાંઠે બિદિરપુર ગામના સીમાડે સહજો ચાંદ બાઉલનો આશ્રમ છે. ત્યાં અમે બાઉલ ગીતો સાંભળવા ગયા હતા. ગીતોનો પ્રવાહ ચાલતો હતો. ત્યાં ઓચિંતો જ સહજો ચાંદ બોલી ઊઠ્યો, ‘સતીશ! તમે ગુજરાતી, વેપારી પ્રજા તો છો જ. અમારા ગીતો સાંભળી લો છો, પરંતુ તમારા ગીતો ક્યારેય સંભળાવતા નથી!’

મેં કહ્યું, ‘સહજો! અમે તો સાંભળવાવાળા છીએ. કંઈ સંભળાવવું એ અમારું કામ નથી. વળી, તારા જેવા પાંચ-દસ હજાર બાઉલ ગીતો જેને મુખપાઠ હોય, તેની સામે ડહાપણ શું કરવું?’

આજે સહજો ચાંદ જીદે ચડી ગયો હતો, ‘નહીં! આજે તો કંઈક સંભળાવવું જ પડશે અને સાથોસાથ તેનો બંગાળી અર્થ પણ કહેવો પડશે.’

આ ધર્મસંકટમાં અમારો મિત્ર મિલન મોદી પર દુઃખ ભંજન થઈને ઊભો રહ્યો! તેણે હરિન્દ્રભાઈ દવેનું એક કૃષ્ણગીત લઈ તેની બે કડી સંભળાવી.

કાનુડાને બાંધ્યો છે હીરના દોરે, બાળુડાને બાંધ્યો છે હીરના દોરે!

સહજો ચાંદ બોલ્યો, ‘સતીશ! હવે બાંગ્લા અનુવાદ કહો!’

મેં કહ્યું, ‘આ હરિન્દ્રભાઈ અમારા એક કૃષ્ણભક્ત સિદ્ધ કવિ છે. તેમણે આ ગીતમાં કહ્યું છે કે તોફાન કરતા બાળ કનૈયાને માતા જશોદાએ હીરની દોરીથી બાંધી દીધો છે...’

હજુ હું પાછળની કાવ્યપંક્તિઓનો અનુવાદ કરું, ત્યાં તો સહજો બોલી ઊઠ્યો, ‘અરે ભાઈ! કેમ હીરના દોરથી? શા માટે રેશમના દોરથી બાંધ્યો?’

મેં તેની સામે જોઈને કહ્યું, ‘સહજો, મને ખબર નથી.’ તે બોલ્યો, ‘સુતરના દોરથી બાંધ્યો હોય તો પણ ચાલે ને?’

હું તેની સામે જ જોઈ રહ્યો. તે આગળ બોલ્યો, ‘કપાસનો દોર સરકી જાય, છટકી જાય. તેની ગાંઠ મજબૂત ન રહે. છટકી જવા માટે કુખ્યાત કાનુડો તો છટકી જ જાય!’

પછી રોકાઈને બોલ્યો, ‘જ્યારે રેશમનો દોર તો જેમ ખેંચો, તેમ તેની ગાંઠ કઠણ અને દૃઢ થતી જાય! અદલ પ્રેમ જેવું જ! જેમ ખેંચો તેમ વધુ ને વધુ દૃઢ થાય!’

પછી તે ખડખડાટ હસવા લાગ્યો.

મને થયું, ‘ખરો ઊલટા પાથી! અમે તો વર્ષોથી આ ગીત સાંભળીએ છીએ. ક્યારેય વિચાર્યું પણ નથી કે અહીં હીરનો દોર કેમ રાખ્યો છે?’

સાથોસાથ એ વિચાર પણ આવ્યો કે શું હરિન્દ્રભાઈએ આ સમજણ સાથે હીરની દોરી શબ્દનો પ્રયોગ કર્યો હશે?

> જ્યારે રેશમનો દોર તો જેમ ખેંચો, તેમ તેની ગાંઠ કઠણ અને દૃઢ થતી જાય! અદલ પ્રેમ જેવું જ! જેમ ખેંચો તેમ વધુ ને વધુ દૃઢ થાય!